# ઇરિયાવહી (ઐર્યાપથિકી)

છેલ્લો એક સૈકામાં વિવિધ ક્ષેત્રે વૈજ્ઞાનિક શોધખોળને પરિણામે મનુષ્યની જીવનશૈલીમાં કેટલું મોટું પરિવર્તન આવી ગયું છે ! એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે રેલવે, મોટરગાડી, વિમાન, નૌકાજહાજ ઇત્યાદિ સાધનોના વિકાસને પરિણામે ગતિ અને અંતરમાં કેટલા બધા ફેરફારો થતા રહ્યા છે ! દુનિયામાં અવરજવર અતિશય પ્રમાણમાં વધી ગઈ છે. અવકાશી ઉપગ્રહો અને રોકેટોના પરિભ્રમણની તો વાત જ જુદી છે. રમતગમતની સ્પર્ધાઓ સિવાય પગે ચાલીને (કે દોડીને) લાંબું અંતર કાપવાની વાત હવે જાણે જૂનવાણી જેવી લાગે છે.

આમ છતાં આજે પણ હજારો જૈન સાધુ-સાધ્વીઓ જીવન પર્યંત પગે ચાલીને, વિહાર કરીને એક સ્થળેથી બીજે સ્થળે જવાના વ્રતવાળાં હોય છે એ પણ એટલી જ આશ્ચર્યકારક વાત ગણાય છે. તેઓ બધા ગતાનુગતિક, રૂઢિચુસ્ત, અલ્પમતિવાળા માણસો છે એવું માનવાની રખે કોઈ ભૂલ કરે. જૈન પરંપરામાં અનેક તેજસ્વી વિભૂતિઓ થઈ ગઈ છે અને વર્તમાન સમયમાં પણ જોવા મળે છે. ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં તર્કયુક્ત ઊંડી શ્રદ્ધા વગર આવું બની ન શકે.

જૈન ધર્મના આચારના સિદ્ધાન્તોમાં સૌથી મહત્ત્વનો સિદ્ધાન્ત તે અહિંસાપાલનનો છે. વળી જીવતત્ત્વ અને એના પ્રકારો વિશે જૈન ધર્મ જેટલી ઊંડી વિચારણા કરી છે એવી જગતના અન્ય કોઈ ધર્મે નથી કરી. નિગોદના જીવોથી માંડીને સિદ્ધગતિના જીવો સુધીની વિચારણા એમાં છે. ઈન્દ્રિયો પ્રમાણે એમાં જેવું વર્ગીકરણ જોવા મળે છે તેવું અન્યત્ર મળતું નથી.

ઊઠતાંબેસતાં, હાલતાંચાલતાં, ખાતાંપીતાં કેટલા બધા સૂક્ષ્મ એકેન્દ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવો મૃત્યુ પામે છે એ વાત આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ સિદ્ધ થઈ ગઈ છે છતાં કેટલાને એ સમજાય છે ? સમજાયા પછી કેટલાને એવી સૂક્ષ્મ વિચારણામાં રસરુચિ જન્મશે ? રસરુચિ પછી કેટલા એ વાતને શ્રદ્ધાપૂર્વક અનુસરવાનો પ્રયત્ન કરશે ?

જગતના જીવમાત્ર સાથે મૈત્રી અને કરુણાની ભાવના વગર એવા જીવોની હિંસાથી વિરમવાની વાત ગમશે નહીં. જ્યાં પંચેન્દ્રિય જીવોની જ આટલી બધી હિંસા વિશ્વમાં વધી રહી છે ત્યાં એકેન્દ્રિય અને તેમાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની ક્યાં વાત કરો છો ? – એમ કહી કોઈક હાંસી પણ ઉડાવી શકે. પરંતુ જેઓનો આત્મતત્ત્વની વિચારણામાં રસ જાગ્યો છે, જેઓને આત્મતત્ત્વની ઝાંખી થઈ છે, જેઓને સર્વ જીવોમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વનાં દર્શન થાય છે એવી વ્યક્તિઓ પોતાના આચારમાંથી ખસશે નહીં.

વિશ્વમાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનો પ્રતિસમય જે રીતે સંહાર થયા કરે છે તે જોતાં એમ અવશ્ય કહી શકાય કે સૂક્ષ્મ જીવોની હિંસા વિના મનુષ્યનું અસ્તિત્વ ક્ષણવાર પણ ટકી ન શકે. હાલતાંચાલતાં, હાથપગ હલાવતાં, અરે આંખનું મટકું મારતાં પણ અસંખ્યાત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો વિનાશ પામે છે. વર્તમાન સમયમાં ઝડપી વાહનવ્યવહારને લીધે એનું પ્રમાણ ઘણું જ વધી ગયું છે. એક વિમાન-પ્રવાસમાં કેટલા બધા વાયુકાયના જીવોની હિંસા થાય છે ! એ જીવોનો વિનાશ કરવાનો આશય ન હોય તો પણ વિનાશ થાય છે એ હકીકત છે. ક્ષણમાત્રમાં પોતાને કારણે મૃત્યુ પામેલા આવા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો ધારો કે મનુષ્ય જેટલો આકાર ધારણ કરીને આપણી સમક્ષ જો ઊભા રહે તો એ સંખ્યા જોઈને આપણે દિગ્મૂઢ થઈ જઈએ. જો માણસ સમજદાર હોય તો કરુણાથી એનું હૈયું ભરાઈ આવે.

એટલા માટે જ પોતાની અવરજવરને કારણે જાણતાં અજાણતાં થતી જીવોની હિંસા- વિરાધના માટે તત્કાલ ક્ષમા માગી લઈને વિશુદ્ધ થવાની જૈનોમાં એક વિધિ છે. પ્રાચીન કાળથી અદ્યાપિ પર્યંત પ્રચલિત રહેલી આ વિધિ તે 'ઇરિયાવહી' છે.

'ઇરિયાવહી' શબ્દ સંસ્કૃત ईर्यापथिकी અથવા 'ઐર્યાપથિકી' પરથી આવેલો છે. સંસ્કૃતમાં ईर्य શબ્દના અર્થ ગતિ, ચાલવું, ફરવું, ગમનાગમન કરવું ઇત્યાદિ થાય છે. સાધુ-સન્યાસીઓની અવરજવર માટે એ શબ્દ સવિશેષ પ્રયોજાયો છે. પથ એટલે માર્ગ, રસ્તો. ઈર્યાપથ એટલે અવરજવર માટેનો માર્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા માર્ગમાં આવાગમન કરવા સંબંધી. શબ્દનો અર્થવિસ્તાર થતાં ઈરિયાવહી શબ્દ માર્ગમાં ગમનાગમન કર્યા પછી તે અંગે લાગેલાં પાપમાંથી વિશુદ્ધ થવા માટે કરાતી વિશિષ્ટ ધર્મક્રિયા માટે વપરાવા લાગ્યો. જૈનોનો એ પારિભાષિક શબ્દ બની ગયો. ઈરિયાવહીની ક્રિયા શ્રાવકે તો કરવાની, પણ સાધુ-સાધ્વીઓ માટે તો તે અનિવાર્ય બની ગઈ, કારણ કે ગૃહસ્થોનું ગમનાગમન નિષ્પ્રયોજન પણ હોઈ શકે, પરંતુ સાધુઓનું ગમનાગમન તો સપ્રયોજન જ હોવું જોઈએ. સાધુઓએ અહિંસાનું મહાવ્રત ધારણ કરેલું છે. એટલે પાંચ સમિતિમાં ઈર્યાસમિતિને મહત્ત્વનું સ્થાન અપાયું છે.

'ઈરિયાવહી' સૂત્ર ગણધર ભગવંતે રચેલું સૂત્ર છે. 'આવશ્યકસૂત્ર'ના પ્રતિક્રમણ-અધ્યયન' નામના ચોથા અધ્યયનમાં તે આવે છે. આ સૂત્ર પ્રાકૃત ભાષામાં છે. તે નીચે પ્રમાણે છે :

'ઈચ્છાકારેણ 'સંદિસહ' ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં !

ઇચ્છામિ પડિક્કમિઉં, ઈરિયાવહિયાએ વિરાહણાએ, ગમનાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે ।

જે મે જીવા વિરાહિયા ।
એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ।

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં !

આ પ્રાકૃત સૂત્રનો ગુજરાતીમાં શબ્દાર્થ નીચે પ્રમાણે છે :

'ઇચ્છા પ્રમાણે ભગવન્ ! આજ્ઞા આપો, હું ઐર્યાપથિકી પ્રતિક્રમણ કરું ?'

ગમનાગમનમાં પ્રાણીને ચાંપતાં (દબાવતાં, કચડતાં), બીજને ચાંપતાં, લીલોતરીને ચાંપતાં, ઝાકળ, કીડીનાં દર, લીલ-ફૂગ, પાણી, કાદવ, કરોળિયાના જાળાને ચાંપતાં – મેં જે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવોને લાતે માર્યા હોય, ધૂળે ઢાંક્યા હોય, ભોંય સાથે ઘસ્યા હોય, અથડાવ્યા – ફૂટાવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, ખેદ પમાડ્યો હોય, ઉદ્વેગ પમાડ્યો હોય, એક સ્થાનેથી બીજે સ્થાને મૂક્યા હોય, જીવિતથી છૂટા કર્યા હોય (મારી નાખ્યા હોય) તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. (તે માટે હું ક્ષમા માગું છું.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં આવતા કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ જોઈએ : 'પાણક્કમણે' એટલે પ્રાણો (જીવો)ને ચાંપીને ઉપર ચાલતાં.

'બીયક્કમણે' એટલે બીજ (બિયાં)ને ચાંપતાં.

'હરિયક્કમણે' એટલે હરિત અથવા લીલી વનસ્પતિને, લીલોતરીને ચાંપતાં.

'ઓસા' એટલે ઓસ અથવા ઝાકળ.

'ઉત્તિંગ' એટલે માટીમાં ગોળ છિદ્ર પાડનાર જીવો, જે ગધૈયા તરીકે ઓળખાય છે. ઉત્તિંગનો બીજો એક અર્થ થાય છે કે કીડીઓનાં દર.

'પણગ' એટલે લીલ, ફૂગ, પચરંગી સાધારણ વનસ્પતિ.

'દગમટ્ટી' એટલે ઢીલો કાદવ, કીચડ દગ અને મટ્ટી એમ જુદા જુદા શબ્દ લઈએ તો દગ (દક) એટલે કાચું પાણી અને મટ્ટી એટલે માટી.

'મકડા-સંતાણા' એટલે કરોળિયાનાં જાળાં.

'સંક્રમણે' એટલે એના ઉપર સંક્રમણ કર્યું હોય, તે ચાંપીને ઉપર ચાલ્યા હોય અને એ રીતે જીવોની જે વિરાધના કરી હોય એટલે કે તેઓને કષ્ટ, દુઃખ આપ્યું હોય. તે માટે આ પ્રમાણે ક્ષમા માગવામાં આવે છે.

જૈન ધર્મમાં જીવ દ્રવ્ય વિશે (તથા અન્ય દ્રવ્ય વિશે પણ) જેટલી ઊંડી વિચારણા થઈ છે તેટલી દુનિયાના અન્ય કોઈ ધર્મમાં જોવા નહીં મળે. 'જીવવિચાર' નામના ધર્મગ્રંથમાં જીવોનું બહુ સૂક્ષ્મ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

જ્યાં ચેતનાશક્તિ છે ત્યાં જીવન છે. જે પોતાની મેળે હરીફરી શકે, હાલીચાલી શકે એવા ત્રસ જીવો અને પોતાની મેળે હરીફરી ન શકે તેવા સ્થાવર જીવોના પણ પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર જીવો છે અને માણસ, ગાય, ભેંસ, બળદ, પોપટ, ચકલી, ઉંદર, સાપ, વીંછી, ભમરો, કીડી, મંકોડો વગેરે ત્રસ જીવો છે. ત્રસ અને સ્થાવર જીવોમાં જે જીવતત્ત્વ છે તે પ્રાણને આધારે છે. જ્યાં પ્રાણ છે ત્યાં જીવ છે અને જ્યાં જીવ છે ત્યાં પ્રાણ છે. આવા દસ પ્રકારના પ્રાણ બતાવવામાં આવે છે. એ દસ તે પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ અથવા યોગ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય.

પાંચ ઇન્દ્રિય તે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય. આ ઇન્દ્રિયોને રહેવાનાં સ્થળ અથવા ઠેકાણાં તે અનુક્રમે ચામડી જીભ, નાક, આંખ અને કાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ બળવાન યોગ આ પ્રમાણે છે : જેના વડે આપણે વિચાર કરી શકીએ તે મનોબળ, જેના વડે બોલી શકીએ, અવાજ ઉચ્ચારી શકીએ તે વચનબળ અને જેના વડે ઊઠવું, બેસવું વગેરે કાર્ય કરી શકીએ તે શરીરબળ.

જે શક્તિ વડે શરીરમાં વાયુ દાખલ કરી શકીએ, રાખી શકીએ અને બહાર કાઢી શકીએ તે શ્વાસોચ્છ્‌વાસ અને જે શક્તિ વડે શરીરમાં જીવત્વ અમુક કાળ સુધી ટકી શકે તે આયુષ્ય.

ઈન્દ્રિયની સંખ્યા પ્રમાણે જીવો પાંચ પ્રકારના છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચોરેન્દ્રિય અને પંચેન્દ્રિય. એકેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, બેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય, તેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અને ચક્ષુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય હોય છે. (કેટલી ઇન્દ્રિય અને કઈ કઈ છે એ યાદ રાખવા માટે સહેલો ઉપાય એ છે કે પોતાના ચહેરામાં સૌથી નીચે દાઢી-હડપચી (સ્પર્શ)થી શરૂ કરી ઉપર જતાં જીભ, પછી નાક, પછી આંખો અને પછી કાટખૂણે કાન.એમ અનુક્રમે ઉમેરતા જવાથી એકેન્દ્રિયથી પંચેન્દ્રિયનો ખ્યાલ આવશે.)

'ઇરિયાવહી' સૂત્રમાં જીવોને માટે આવતા શબ્દોની સમજ નીચે પ્રમાણે છે :

'એગિંદિયા' એટલે એકેન્દ્રિય જીવો. એકેન્દ્રિય જીવોને ફક્ત સ્પર્શેન્દ્રિય હોય છે. તેમની ગણના તિર્યંચ ગતિના જીવોમાં થાય છે.

એકેન્દ્રિય જીવો પાંચ પ્રકારના છે : પૃથ્વીકાય, અપકાય, તેઉકાય (તેજસકાય), વાયુકાય અને વનસ્પતિકાય.

એકેન્દ્રિય જીવોને ચાર પ્રાણ હોય છે : (૧) શરીર (સ્પર્શેન્દ્રિય), (૨) શરીરબળ (કાયયોગ), (૩) શ્વાસોચ્છ્‌વાસ અને (૪) આયુષ્ય.

કાચી માટી, પથ્થર, મીઠું વગેરે પૃથ્વીકાય જીવો છે. પાણી અપકાયના જીવો છે. અગ્નિ તેઉકાયના જીવો છે. હવા, પવન તે વાયુકાયના જીવો છે અને શેવાળ, ઝાડપાન વગેરે વનસ્પતિકાયના જીવો છે.

'બેઇંદિયા' — એટલે બે ઇન્દ્રિયવાળા જીવો. તેઓને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય (જીભ) એ બે ઇન્દ્રિયો હોય છે. તે પણ તિર્યંચ કહેવાય છે.

બે ઇન્દ્રિયવાળા જીવોને છ પ્રાણ હોય છે : (૧) શરીર (સ્પર્શેન્દ્રિય),

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) રસનેન્દ્રિય (જીભ), (૩) શરીરબળ (કાયયોગ), (૪) વચનબળ (વચનયોગ), (૫) શ્વાસોચ્છ્વાસ અને (૬) આયુષ્ય.

બેઇન્દ્રિય જીવોમાં લોહી ચૂસનારા જળો વગેરે, વરસાદમાં ઉત્પન્ન થનારાં અળસિયાં વગેરે. વાસી અને એંઠા અન્નજળમાં ઉત્પન્ન થનારાં લાળિયાં, પેટમાં ઉત્પન્ન થનારા નાના જીવો તે કરમિયાં અને મોટા તે ગંડોલા, પાણીમાં ઉત્પન્ન થનારા પોરા, સમુદ્રમાં ઉત્પન્ન થનારા શંખ, કોડા વગેરે વગેરે, લાકડામાં ઉત્પન્ન થનારા કીડા તે મેહરિ વગેરે ગણાય છે.

'તેઇન્દ્રિયા' એટલે ત્રણ ઇન્દ્રિયવાળા જીવો. તે પણ તિર્યંચ કહેવાય છે.

ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય હોય છે.

ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને સાત પ્રાણ હોય છે : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, કાયયોગ, વચનયોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ત્રણ ઇન્દ્રિયવાળા જીવોમાં માણસના માથામાં ઉત્પન્ન થનાર જૂ, શરીરના મેલમાં ઉત્પન્ન થનાર સફેદ જૂ, ઝાડના થડ વગેરેમાં થનાર મંકોડા, પથારીમાં ઉત્પન્ન થનાર માંકડ, કાનમાં પેસી જનાર કાનખજૂરા, મીઠાઈ-ગળપણમાં થનાર વિવિધ પ્રકારની રાતી, કાળી કીડી, અનાજમાં ઉત્પન્ન થનાર ધનેડાં, ઈયળ વગેરે તથા બીજી ઘણી જાતના જીવો છે.

ચઉરિંદિયા અથવા ચૌરેંદિયા એટલે ચતુરિન્દ્રિય, ચાર ઇન્દ્રિયવાળા જીવો. તે પણ તિર્યંચ ગતિના જીવ તરીકે ગણાય છે.

ચાર ઇન્દ્રિયવાળા જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય હોય છે.

ચૌરેન્દ્રિય જીવોને આઠ પ્રાણ હોય છે : ત્વચા, જીભ, નાક, આંખ, કાયયોગ, વચનયોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ચાર ઇન્દ્રિયવાળા જીવોમાં પુષ્પાદિની સુગંધ લેનાર ભમરા, ભમરી, મધમાખી વગેરે, પાણી, કીચડ વગેરેમાં ઉત્પન્ન થનાર મચ્છરો, ગંદકીમાં ઉત્પન્ન થનાર માખી, ડાંસ વગેરે, છાણ વગેરેમાં ઉત્પન્ન થનાર વીંછી, ઘોડાના તબેલામાં ઉત્પન્ન થનાર બગાઈ, દીવાબત્તી પાસે આવનાર પતંગિયાં, ખેતરમાં ધાન્ય ખાઈ જનાર તીડ, જાળામાં રહેનાર કરોળિયા, અંધારામાં રહેનાર વાંદા, કંસારી વગેરે પ્રકારના જીવો ગણાવવામાં આવે છે.

'પચિન્દિયા' એટલે પંચેન્દ્રિય, પાંચ ઇન્દ્રિયવાળા જીવો. તેઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચે ઇન્દ્રિયો-સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય હોય છે.

પંચેન્દ્રિય જીવો મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારકી એ ચારે ગતિમાં હોય છે.

પંચેન્દ્રિયના સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એવા બે પ્રકારો છે. દેવ, નારક, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચને સંજ્ઞી પંચેન્દ્રિય ગણવામાં આવે છે અને તેઓને દસ પ્રાણ હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યને મનોબળ ન હોવાથી નવ પ્રાણ હોય છે. કેટલાક સંમૂર્ચ્છિમ મનુષ્યોને વચનબળ પણ હોતું નથી. તેઓને આઠ પ્રાણ હોય છે. કેટલાક સંમૂર્ચ્છિમ જીવો શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી કર્યા વગર મૃત્યુ પામે તો તેમને સાત પ્રાણ હોય છે.

આ જીવની, ઇરિયાવહી સૂત્રમાં દર્શાવ્યા પ્રમાણે, દસ પ્રકારે વિરાધના થાય છે એટલે કે તેમને દુઃખ, કષ્ટ અપાય છે અને એ દ્વારા પાપકર્મ બંધાય છે. એ નીચે પ્રમાણે છે :

(૧) અભિહયા-એટલે અભિહતા. એટલે કે લાતે મરાયા, ઠોકરે માર્યા, અથડાવ્યા, સામે આવતાને હણ્યા હોય.

(૨) વત્તિયા-એટલે વર્તિતા, એટલે કે ધૂળ વડે ઢાંક્યા હોય અથવા ઢંકાયા હોય.

(૩) લેસિયા-એટલે શ્લેષિત, આશ્લેષિત. એટલે કે ભીંસ્યા હોય, ભોંય સાથે ઘસ્યા હોય કે ઘસાયા હોય અથવા મસળ્યા હોય.

(૪) સંઘાઈઆ-એટલે સંઘાતિત કર્યા હોય. અર્થાત્ પરસ્પર શરીર દ્વારા અફળાવાયા હોય, એકઠા કર્યા હોય.

(૫) સંઘટ્ટિયા – એટલે સંઘટ્ટિત એટલે થોડા સ્પર્શથી દુભવ્યા હોય.

(૬) પરિયાવિયા-એટલે પરિતાપિત અર્થાત્ પરિતાપ ઉપજાવ્યો હોય, દુઃખ આપ્યું હોય, કષ્ટકલેશ કરાવ્યો હોય, હેરાન-પરેશાન કર્યા હોય.

(૭) કિલામિયા-એટલે કલામિત કર્યા હોય, ખેદ પમાડ્યો હોય, અધમૂઆ કે મૃતઃપ્રાય કરી નાખ્યા હોય.

(૮) ઉદ્દવિયા એટલે ઉપદ્રવિત અથવા અવદ્રાવિત કર્યા હોય અર્થાત્ ગભરાવ્યા હોય, થરથરાવ્યા હોય, ત્રાસ આપ્યો હોય, બીક બતાવી હોય.

(૯) ઠાણાઓ ઠાણં સંકામિયા-એટલે સ્થાનાત્ સ્થાનં સંક્રામિતા અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક સ્થાનેથી બીજે સ્થાને સંક્રમિત કર્યા હોય, મૂક્યા કે ફેરવ્યા હોય અથવા પોતાના સ્થાનેથી વિખૂટા પાડી દીધા હોય.

(૧૦) જીવિયાઓ વવરોવિયા-જીવિતથી વ્યપરોપિત કર્યા હોય એટલે કે છૂટા કર્યા હોય. અર્થાત્ જીવથી માર્યા હોય, મારી નાખ્યા હોય.

ઇરિયાવહી સૂત્ર (૧) ઇચ્છામિ (૨) પડિક્કમિઉ (૩) ઇરિયા-વહિયાએ અને (૪) વિરાહણાએ આ ચાર પદોના વિસ્તારરૂપે છે. સૂત્રમાં મુખ્ય ચાર વિભાગ પડે છે અને સૂત્રમાં સાત સંપદાઓ છે.

ઈરિયાવહી સૂત્ર 'ઇચ્છાકારેણ' શબ્દથી શરૂ થાય છે. ત્યાર પછી પણ એમાં 'ઇચ્છં' અને 'ઇચ્છામિ' શબ્દો આવે છે. આ બતાવે છે કે 'ઇરિયાવહી'માં 'ઇચ્છા'ના પ્રકારની સામાચારી છે. જૈન ધર્મવિધિઓ કે આચારો વિશે શાસ્ત્રોમાં દસ પ્રકારની સામાચારી આ પ્રમાણે બતાવવામાં આવી છે : (૧) ઇચ્છા, (૨) મિચ્છા, (૩) આવિસ્સયા, (૪) નીસીહિઆ, (૫) છંદણા, (૬) તહત્તિ, (૭) પૃચ્છા, (૮) પ્રતિપૃચ્છા, (૯) ઉપસંપદા અને (૧૦) નિમંત્રણા.

ઈરિયાવહીમાં 'ઇચ્છા' સામાચારી છે. એટલે કે શિષ્યની ઈચ્છા હોય તો ગુરુ આજ્ઞા આપે અને આજ્ઞા આપવાની ગુરુની ઇચ્છા હોય તો તેઓ આજ્ઞા આપે. આ સામાચારીમાં કોઈ આગ્રહ હોતો નથી. 'ઈરિયાવહી' એ 'ઈચ્છા'ના પ્રકારની સામાચારી હોવાથી શિષ્ય સ્વેચ્છાએ તે માટે ગુરુની આજ્ઞા માગે છે.

આમ, ઈરિયાવહી એટલે સંક્ષિપ્ત અથવા લઘુ પ્રતિક્રમણ.

ઈરિયાવહી પ્રતિક્રમણનો આ વિધિ આલોચના-પ્રતિક્રમણનો જઘન્યમાં જઘન્ય વિધિ છે, કારણ કે એમાં સામાન્ય નિમિત્તોથી થયેલા નાના દોષોનું તરત પ્રતિક્રમણ કરવાનું હોય છે. (મોટા દોષોની શુદ્ધિ માટે મોટા પ્રતિક્રમણની જુદી જુદી વિધિઓ છે.) આ વિધિમાં તરત લાગેલાં તાજાં કર્મોને ખંખેરી નાખવાનાં હોય છે. મન, વચન અને કાયાના વિવિધ યોગોથી ભારે અને હળવાં કર્મો બંધાય છે : ક્યારેક મોટા કષાયો થાય છે. પરંતુ સામાન્ય ગમનાગમનમાં મુખ્યત્વે હિંસાનો દોષ લાગે છે. ઈચ્છા હોય કે ન હોય, ગમનાગમનમાં વિશેષત: સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની વિરાધના અવશ્ય થાય છે. એકંદરે તે અજાણતાં, અહેતુપૂર્વક થાય છે, તો ક્યારેક જાણતાં અને હેતુપૂર્વક થાય છે. એવાં તાજાં બંધાયેલાં નાનાં કર્મોના ક્ષય માટે આ આલોચના-પ્રતિક્રમણની વિધિ 'ઈરિયાવહી' છે.

જૈન સાધુ-સાધ્વીઓ માટે પાંચ મહાવ્રત ઉપરાંત પાંચ સમિતિ અને ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુપ્તિના પાલન ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. એને અષ્ટ પ્રવચનમાતા પણ કહેવામાં આવે છે. એમાં પાંચ સમિતિમાં સૌથી પ્રથમ સમિતિ તે ઈર્યાસમિતિ છે. સમિતિ એટલે વિવેકપૂર્વકની, યત્નાપૂર્વકની પ્રવૃત્તિ. ઈર્યાસમિતિનું પાલન કરવા માટે સાધુ-સાધ્વીઓએ માર્ગમાં જોઈ- સંભાળીને ચાલવું. સાધુ-સાધ્વીઓએ અંધારામાં ગમનાગમન કરવાનું હોતું નથી. માણસોની અવરજવરવાળા, સૂર્યપ્રકાશથી પ્રકાશિત થયેલા માર્ગમાં ચાર હાથ આગળ જેટલી ભૂમિ પર નીચે દૃષ્ટિ રાખીને, જીવોની હિંસા ન થાય એ રીતે લક્ષ રાખીને, સાધુ-સાધ્વીઓએ ગમનાગમન કરવાનું હોય છે કે જેથી પોતાને તત્સંબંધી ઓછામાં ઓછો દોષ લાગે.

ઐર્યાપથિકી વિરાધના શરીરની જવાઆવવાની-ગમનાગમની ક્રિયાથી થાય છે. તેમાં જીવોની હિંસા થતી હોવાથી કર્મ બંધાય છે. આ વિરાધના પહેલા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાન સુધી રહેલા જીવોથી થાય છે. એટલે આ વિરાધના શ્રમણ ભગવંતોથી પણ થવાનો સંભવ રહે છે. એટલે ગમનાગમનથી લાગેલાં કર્મ માટે તેઓને ઈરિયાવહી પ્રતિક્રમણ કરવાનું હોય છે. એ તેમની સતત જાગૃત દશા સૂચવે છે.

ઈરિયાવહી પ્રતિક્રમણ કાઉસગ્ગ સાથે કરવાનું હોય છે. કાઉસગ્ગ કરતાં પહેલાં વિશુદ્ધિકરણ માટે તથા માયા, નિદાન અને મિથ્યાત્વરૂપી શલ્યથી રહિત થવા માટે 'તસ્સ ઉત્તરી' સૂત્ર અને કાઉસગ્ગ માટે 'અન્નત્થ' સૂત્ર બોલવાનું હોય છે. કાઉસગ્ગ લોગસ્સ સૂત્રનો કરવાનો હોય છે. ત્યાર પછી પ્રગટ લોગસ્સ બોલવાનો હોય છે. આમ, ઈચ્છામિ ખમાસણ, ઈરિયાવહિયા, તસ્સ ઉત્તરી, અન્નત્થ અને લોગસ્સ (કાઉસગ્ગ અને પ્રગટ) મળીને આ વિધિ પૂર્ણ થાય છે.

ઈરિયાવહી સૂત્રમાં જીવોની વિરાધના માટે ક્ષમા માગવામાં આવે છે. આમ તો સમસ્ત ચૌદ રાજલોકમાં (સમગ્ર વિશ્વમાં) ચોર્યાસી લાખ પ્રકારની જીવયોનિના અનંતાનંત જીવો છે. સર્વ જીવરાશિની ક્ષમાપના કરવાની છે. પરંતુ આ જીવોનું મુખ્ય વર્ગીકરણ લઈએ તો કુલ ૫૬૩ પ્રકારના જીવો ગણાવવામાં આવે છે.

શ્રી શાન્તિસૂરિકૃત 'જીવ વિચાર પ્રકરણ'માં અને જીવવિચાર વિશેના અન્ય ગ્રંથોમાં સંસારના સમસ્ત જીવોના જે ૫૬૩ પ્રકાર જણાવ્યા છે, તેમાં મનુષ્યના ૩૦૩ ભેદ છે. તે આ પ્રમાણે છે : ૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના અને ૫૬ અંતરદ્વીપના એમ મળીને ૧૦૧ ભેદ થાય. તેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપર્યાપ્ત મનુષ્યો અને પર્યાપ્ત મનુષ્યો એવા બે ભેદ થતાં ૨૦૨ ભેદ થાય. તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યના ૧૦૧ ભેદ ઉમેરતાં કુલ ૩૦૩ થાય. (સંમૂર્ચ્છિમ જીવ અપર્યાપ્ત જ હોય.)

તિર્યંચ ગતિના જીવોના કુલ ૪૮ ભેદ બતાવવામાં આવે છે. એમાં સ્થાવરના ૨૨ ભેદ, વિકલેન્દ્રિયના ૬ ભેદ અને તિર્યંચ પંચેન્દ્રિયમાં જલચરના ૪, સ્થળચરના ૧૨ તથા ખેચરના ૪ મળીને ૨૦ ભેદ એમ કુલ ૪૮ ભેદ બતાવવામાં આવે છે.

દેવગતિના કુલ ૧૯૮ ભેદ છે. તે આ પ્રમાણે છે : ભુવનપતિના ૨૫, વ્યંતરના ૨૬, જ્યોતિષ્કના ૧૦ અને વૈમાનિક દેવના ૩૮ એમ બધા મળીને ૯૯ ભેદ થાય. તે દરેકના અપર્યાપ્ત એવા બે ભેદ કરતાં કુલ ૧૯૮ ભેદ થાય.

નારકીના જીવોના ૧૪ ભેદ છે. એમાં સાત નારકીના સાત ભેદ અને તે પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ ગણીએ તો કુલ ૧૪ ભેદ થાય.

આમ, મનુષ્યના ૩૦૩, તિર્યંચના ૪૮, દેવોના ૧૯૮ અને નારકીના ૧૪ એમ બધા મળીને કુલ ૫૬૩ પ્રકારના જીવો છે.

આ જીવોની ઈરિયાવહી સૂત્રમાં બતાવ્યા પ્રમાણે દસ પ્રકારે વિરાધના થાય; અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિઆ, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા આમ ૫૬૩ પ્રકારના જીવોની પ્રત્યેકની દસ પ્રકારે વિરાધના ગણતાં ૫૬૩૦ ભેદ થાય. આ વિરાધના રાગથી પણ થાય અને દ્વેષથી પણ થાય. એટલે કે ૫૬૩૦ x ૨ = ૧૧૨૬૦ ભેદ થાય. વળી તે મનથી અથવા વચનથી અથવા કાયાથી એમ ત્રણ યોગે થાય એટલે કે ૧૧૨૬૦ x ૩ = ૩૩૭૮૦ ભેદે થાય.

'ઈરિયાવહી'ની વિધિનું મહત્ત્વ જૈન ધર્મમાં એટલું બધું બતાવવામાં આવ્યું છે કે કોઈપણ ધાર્મિક ક્રિયા કરતાં પહેલાં ઈરિયાવહી કરી લેવી જોઈએ. જગતના તમામે તમામ જીવો સાથે કરુણાસભર હૃદયથી ક્ષમાપના અને મૈત્રી કર્યા વિના ધર્મક્રિયા સારી રીતે થઈ ન શકે. એટલા માટે સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન ઈત્યાદિ કરતાં પહેલાં ઈરિયાવહી કરી લેવાનું ફરમાન છે. દુઃખ કે કષ્ટના નિવારણ માટે ૧૦૮ વાર ઈરિયાવહી કરવાની ભલામણ છે.

મહાનિશીથસૂત્રમાં કહ્યું છે :

अपडिक्कंताए ईरियावहिआए न कप्पइ चेव काउं किंचि वि चिइवंदण सज्झायज्झाणाइ अ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ઈરિયાવહી (ઈર્યાપથિક પ્રતિક્રમણ) કર્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય, સજ્ઝાય આદિ કંઈ પણ કરવું કલ્પતું નથી. ]

દશવૈકાલિક સૂત્રની વૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે :

**ईर्यापथ-प्रतिक्रमणमकृत्वा नान्यत् किमपि कुर्यात् तदशुद्ध तापतेः ।**

(ઈર્યાપથ પ્રતિક્રમણ કર્યા વિના અન્ય કાંઈ પણ કરવું નહીં, કારણ કે તે અશુદ્ધ થવાનો સંભવ છે.)

આમ, ઈરિયાવહીનો મહિમા જૈન ધર્મમાં ઘણો મોટો છે. વિશ્વમાં પર્યાવરણની સમતુલા જાળવવા માટે પણ ઈરિયાવહીની આવશ્યકતા છે. ઈરિયાવહી જો પૂરા ભાવપૂર્વક કરવામાં આવે તો તે કેવળજ્ઞાન અને મોક્ષગતિ અપાવી શકે છે. ભગવાન મહાવીર સ્વામીના કાળમાં અઈમુત્તા, ઢઢ્ઢર, વખ્ખલિ વગેરે મુનિઓએ ઈરિયાવહીની ઉત્તમ આરાધના કર્યાના ઉલ્લેખો સાંપડે છે. વર્તમાનકાળ દુ:ષમ છે અને એવું સંઘયણ બળ રહ્યું નથી, તોપણ જયણાપૂર્વકની જાગૃતિ સાથે આ આરાધનાથી આત્મશુદ્ધિના પંથે વધુ આગળ પ્રયાણ તો અવશ્ય થઈ શકે છે.

વળી આ વિરાધના ત્રણ કરણથી થાય — કરવું, કરાવવું અને અનુમોદવું, એટલે ૩૩૭૮૦ x ૧૦૧૩૪૦ ભેદે થાય. વળી તે ત્રણ કાળની અપેક્ષાએ-ભૂત, વર્તમાન અને ભવિષ્યની અપેક્ષાએ થાય. એટલે ૧૦૧૩૪૦ x ૩ = ૩૦૪૦૨૦ ભેદે થાય. આટલી બધી વિરાધના માટે જે મિચ્છા મિ દુક્કડં કરવાનું છે તે છની સાક્ષીએ કરવાનું છે, એટલે કે અરિહંત ભગવંતની સાક્ષીએ, સિદ્ધ ભગવંત, સાધુ ભગવંત, દેવ, ગુરુ અને પોતાના આત્માની સાક્ષીએ ક્ષમા માગવાની છે. આમ ૩૦૪૦૨૦ x ૬ = ૧૮, ૨૪૧૨૦ ભેદે ક્ષમા માગવાની છે. આમ, ઈરિયાવહી સૂત્ર બોલવા દ્વારા સંસારના સર્વ જીવોની ૧૮૨૪૧૨૦ ભેદે ક્ષમા માગવામાં આવે છે.

કોઈકને પ્રશ્ન થાય કે આટલું બધું ઝીણું કરવાની જરૂર શી ? જરૂર એટલા માટે કે કોઈપણ અપેક્ષાએ કોઈપણ જીવની ક્ષમા માગવાની રહી ન જાય. કોઈપણ અપેક્ષાએ રહી જાય તો એટલી અપૂર્ણતા રહે, ત્રુટિ ગણાય. કાર્ય સંપૂર્ણપણે સફળ ન ગણાય.

કોઈકને પ્રશ્ન થાય કે ઈરિયાવહી સૂત્ર બોલતાં અડધી મિનિટ પણ થતી નથી. ધીમે ધીમે બોલીએ તો બે-ચાર મિનિટ થાય. એટલા અલ્પકાળમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮૨૪૧૨૦ ભેદ પૂરા કેવી રીતે થાય ? એકએક ભેદ જુદો ગણતા જઈએ તો દિવસો નીકળી જાય. એનું સમાધાન એ છે કે અહીં સ્થૂળ છૂટક ગણના કરતાં એની સમજ અને એ માટેનો નિર્મળ ભાવ મહત્ત્વનાં છે. અંતર જાગૃત હોય તો આ બધા ભેદો ઉપરનો ઉપયોગ ક્ષણવારમાં ફરી વળે છે. ભેદોનું વિભાજન તો સાચી ઊંડી સમજણ માટે, દૃષ્ટિની વિશાળતા માટે, અને ક્રિયાની પરિપૂર્ણતા માટે છે.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org